**સમરી સ્યુટ નં. ૧.૨૦૨૬**

**– આંક–૭ની અરજી નીચેનો હુકમ –**

(૧) આ કામે પ્રતિવાદીએ સી.પી.સી , ઓર્ડર–૩૭ રૂલ–૩ હેઠળ સમરી દાવામાં બચાવ કરવાની પરવાનગી (Leave to Defend) મેળવવા માટે હાલની અરજી રજૂ કરી છે. પ્રતિવાદીનો મુખ્ય બચાવ એવો છે કે વાદી પાસે દાવો દાખલ કરવાનો કોઈ કાયદેસર તથા અમલપાત્ર કારણ (cause of action) ઉપલબ્ધ નથી. પ્રતિવાદીનો દાવો છે કે તેણે ક્યારેય વાદીને કોઈ જમીન વેચવા માટે સંમતિ આપી નથી અને વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ તા. ૨૬/૦૬/૨૦૨૪નો કથિત કરાર અસ્પષ્ટ, અપૂર્ણ તથા કાયદેસર રીતે ગ્રાહ્ય નથી, કારણ કે તેમાં મિલકતની પૂરતી ઓળખ, અવેજની સ્પષ્ટ વિગતો દર્શાવવામાં આવેલ નથી. તેમજ તે બિન–નોંધાયેલ દસ્તાવેજ છે. વધુમાં, વાદીએ કથિત રૂ. ૧૦,00,000/–ના ચેક અંગે તે ચેક વાસ્તવમાં આપવામાં આવ્યો હતો, તેની ચુકવણી થઈ હતી અથવા પ્રતિવાદીને તે રકમ પ્રાપ્ત થઈ હતી તેવું દર્શાવતો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કર્યો નથી. પ્રતિવાદીના જણાવ્યા મુજબ આ વ્યવહાર જમીન વેચાણનો નહોતો, પરંતુ વાદીના પુત્ર સમીર પાસેથી લેવામાં આવેલી હાથઉછીની રકમનો હતો, જેના બદલામાં માત્ર સિક્યોરિટી તરીકે બે ચેક આપવામાં આવ્યા હતા. પ્રતિવાદી વધુમાં, જણાવેલ છે કે, રૂ. ૧૦,00,000/–ની સંપૂર્ણ રકમ એક સિક્યોરિટી ચેક દ્વારા રૂ.4,00,000/–ની વસૂલાત તેમજ બાકીની રકમ રોકડ ચુકવણી દ્વારા પરત કરવામાં આવી હતી, તેમ છતાં બાકી રહેલો સિક્યોરિટી ચેક પરત કરવામાં આવ્યો નહોતો અને તેનો દુરુપયોગ કરીને વાદીએ હાલનો દાવો દાખલ કર્યો છે. પ્રતિવાદીનું વધુ કહેવું છે કે તેણે વાદીની કાનૂની નોટિસનો વિગતવાર લેખિત જવાબ આપી ઉપરોક્ત તમામ હકીકતો સ્પષ્ટ કરી હતી, તેમ છતાં વાદીએ દાવો દાખલ કરતી વખતે તે જવાબનો જાણપૂર્વક ઉલ્લેખ કર્યો નથી. આથી, પ્રતિવાદીનો દાવો છે કે હાલના કેસમાં અનેક વાસ્તવિક, બોનાફાઇડ તથા ટ્રાયેબલ મુદ્દાઓ ઊભા થાય છે, જેનો નિર્ણય બંને પક્ષોને પુરાવા રજૂ કરવાની તક આપ્યા વિના થઈ શકે તેમ નથી. તેથી, પ્રતિવાદીએ

સમરી દાવામાં  બિન શરતી બચાવ કરવાની પરવાનગી (Unconditional Leave to Defend) આપવા પ્રાર્થના કરી છે.

(૨) પ્રતિવાદી પક્ષની આ અરજી અંગે વાદી પક્ષે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી.

(૩) આ કામે પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રી એસ.એલ.બિહોલા એ તેમની અરજી મુજબની દલીલો કરેલ છે. જયારે વાદીપક્ષે તેમની દલીલમાં પ્રતિવાદીએ ૧૦ દીવસમાં હાજર થઈ લીવ ટુ ડિફેન્ડ રજુ કરેલ નથી, જેથી પ્રતિવાદીની તકરાર માનવા યોગ્ય નથી તેવુ જણાવેલ છે.

(૪) આ કામે દાવાનું રેકર્ડ ધ્યાને લેતા, વાદી ધ્વારા હાલનો દાવો તેઓ પ્રતિવાદી પાસે જમીન વેચાણ આપવા સંમત થતા, વેચાણ અંગેનો બાનાખત કરાર કરી વાદીએ પ્રતિવાદીને રૂા. ૧૦,૦૦,૦૦૦/- નો ચેક આપેલા. ત્યારબાદ પ્રતિવાદીએ વેચાણ દસ્તાવેજ કરવાની ના પાડેલી અને પ્રતિવાદીએ વાદીને રૂા. ૧૦,૦૦,૦૦૦/- નો ચેક આપેલ જે વણચુકવાયેલ પરત ફરેલ.આમ, પ્રતિવાદી પાસે ચેકના નાણા રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની રકમ ચેક આપ્યા તારીખ થી ૨૪ ટકા ચઢતા વ્યાજ સાથે પ્રતિવાદી સામે વસુલ મેળવવા માટે સી.પી.સી. ઓર્ડર-૩૭ મુજબ સમરી દાવા સ્વરૂપનો હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. જે કામે પ્રતિવાદી ધ્વારા હાલની લીવ ટુ ડીફેન્સની અરજી આપી, વાદીના દાવાની હકીકતો અંગે હાલની અરજીમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબની તકરારો લઇ, તેઓને હાલના દાવામાં બચાવ કરવા દેવાની પરવાનગી માંગેલ છે. તે સંજોગોમાં, હાલની અરજીનો નિર્ણય કરતી વખતે સૌપ્રથમ આ કોર્ટને સી.પી.સી. ઓર્ડર-૩૭, રૂલ-૩ (૫) ની જોગવાઇ ધ્યાને લેવી જરૂરી જણાઇ છે. સદર જોગવાઇ ધ્યાને લેતા, કાયદાની એ હકીકત સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી, ચુકાદા માટેના સમન્સની બજવણીની તારીખથી ૧૦ દિવસની અંદર કોઇપણ સમયે, સોગંદનામાંથી

અથવા બીજી રીતે બચાવ કરવા પોતાને હકકદાર બનાવવા પુરતી ગણાય, તેવી હકીકતો જાહેર કરી શકશે અને દાવામાં બચાવ કરવા અરજી કરી શકશે અને તેને બચાવ કરવાની પરવાનગી કોર્ટ બિન શરતે અથવા ન્યાયી લાગે તેવી શરતોને આધિન આપી શકશે. વધુમાં, સદર જોગવાઇ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદીને કોર્ટ બચાવની પરવાની આપવાની ના પાડી શકશે નહિ સિવાય કે કોર્ટને એવી ખાત્રી થાય કે, પ્રતિવાદીએ જાહેર કરેલ હકીકતો, તે સધ્ધર બચાવ ઉભો કરી શકે તેવી નિર્દેશ કરતી નથી અથવા પ્રતિવાદીએ કરવા ધારેલ બચાવ શુલ્લક અથવા ત્રાસ દાયક છે. વધુમાં, તે જોગવાઇ પરથી એ હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, વાદીએ દાવામાં માંગણી કરેલ રકમનો ભાગ પોતાની પાસે લેણી નિકળે છે, તેવું પ્રતિવાદી સ્વીકારે ત્યારે પ્રતિવાદી, એવી રીતે લેણી થતી રકમ ન્યાયાલયમાં અનામત મુકે નહિ તો દાવાની બચાવ કરવાની પરવાનગી પ્રતિવાદીને આપી શકાશે નહિ.

**(૫)** આમ, સી.પી.સી. ઓર્ડર–૩૭, રૂલ–૩(૫) ની ઉપરોકત જોગવાઇના અનુસંધાને રેકર્ડનું મુલ્યાકન કરવામાં આવે તો, પ્રતિવાદીપક્ષે, તે દસ્તાવેજો અંગે જે તકરારો લેવામાં આવેલ છે તે તકરારોના નિરાકરણ માટે પણ હાલના દાવામાં પુરાવો નોંધવાની તથા ટ્રાયલની જરૂરીયાત જણાઇ છે. વધુમાં, પ્રતિવાદી તરફથી લીવ ટુ ડિફેન્ડ માટેની અરજી નિયત સમયમર્યાદા બાદ રજૂ કરવામાં આવી છે. જોકે, માત્ર તકનિકી વિલંબના આધારે પક્ષકારને પોતાના બચાવનો અવસર ન આપવો એ ન્યાયના મૂળભૂત સિદ્ધાંતોને અનુરૂપ ગણાવી શકાય નહીં, ખાસ કરીને જ્યારે પ્રતિવાદીએ પ્રથમદર્શનીય રીતે વિચારણાપાત્ર મુદ્દાઓ રજૂ કર્યા હોય. પ્રક્રિયાત્મક કાયદો ન્યાયના અમલીકરણનું સાધન છે અને તેનો ઉપયોગ માત્ર તકનિકી આધારે ન્યાયથી વંચિત કરવા માટે થવો જોઈએ નહીં. વદ્યુમાં, ન્યાયના હિતમાં બંને પક્ષકારોને પોતાની રજુઆત માટે યોગ્ય અને વાજબી તક ઉપલબ્ધ કરાવવાના હેતુથી પ્રતિવાદી દ્ધારા થયેલા વિલંબને માફ કરવો યોગ્ય જણાય છે. પરિણામે, લીવ ટુ ડિફેન્ડ માટેની અરજી સમયસર રજૂ થયેલી હોવાનું માની તેની ગુણદોષના આધારે વિચારણા કરવામાં આવે છે. તેમજ

પ્રતિવાદીપક્ષે અરજીમાં જે તકરાર લેવામાં આવેલ છે  તે તકરાર બાબતે પણ પ્રતિવાદીપક્ષને બચાવની તક આપવાનું રેકર્ડ ઉપરથી ઉચિત જણાઈ છે. આમ, આ દાવાની ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર–૩૭ ની જોગવાઈ મુજબ ચાલવા પાત્ર ન હોય તથા પ્રતિવાદીપક્ષે વાદીના દાવા અંગે લેવામાં આવેલ ઉપરોકત તકરારો ટ્રાયેબલ ઈસ્યુ હોવાનું રેકર્ડ ઉપરથી પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ થાય છે.  આમ, કામે પ્રતિવાદીપક્ષ ધ્વારા દાવાના ન્યાય નિર્ણય માટે મહત્વના મુદા જયારે રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં આવેલ છે અને પ્રતિવાદીપક્ષે વાદીએ માંગણી કરેલ રકમનો કોઈ ભાગ પોતાની પાસે લેણી નિકળે છે, તેવી હકીકતનો સ્વીકાર કરેલ નથી, તે તમામ સંજોગોમાં, આ દાવાના કામે પ્રતિવાદીપક્ષને બિન શરતી બચાવ કરવાની તક આપવાની આ કોર્ટને ઉચિત જણાય છે. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં, હાલની અરજી તળે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

(૧)  પ્રતિવાદીપક્ષની આ અરજી મંજુર કરવામાં આવે છે.

(૨)  પ્રતિવાદીપક્ષને આ દાવામાં બિનશરતી બચાવ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

(૩)  ઉપરોકત સંજોગોમાં હાલનો દાવો હવે સમરી દાવા તરીકે ચલાવવાનો રહેતો ન હોય અને હાલનો દાવો દિવાની મુકદમા તરીકે ચલાવવાનો થતો હોય, હાલના દાવાને તે રીતે નવેસરથી રે.સીવીલ દાવા નંબર આપવા માટે તથા તે અંગેની નિયમ મુજબની યોગ્ય કાર્યવાહી માટે ર જિસ્ટ્રાર તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૫મી, માહે જુલાઈ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૫/૦૬/૨૦૨૬
મેઘરજ

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડિશનલ સીવીલ જજ અને
જ્યુ.મેજી. ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮